Research Paper

Volume : 2 | Issue : 7 | July 2013 • ISSN No 2277 - 8179

# Preprimary school children's emotional development

Psychology

KEYWORDS:

**Mrs Dipika B. Suthar** Lecturer in C.A.C.D.&D.M Government Polytechnic Himatnagar

**પ્રસ્તાવના :-**

માનવ જીવનમાં સંવેગોનું આગવું સ્થાન હોય છે. વ્યક્તિ મોટાભાગનાં કાર્ય સંવેગોને આધીન થઇને કરે છે. વ્યક્તિનાં વિકાસમાં સંવેગાત્મક વિકાસનું એક આગવું મહત્વ હોય છે. જ્યારે બાળકનાં સંવેગો યોગ્ય અવસ્થામાં હોય ત્યારેજ તે કંઇક શીખી શકે છે. માટે શૈક્ષણિક મનોવિજ્ઞાન અંતર્ગત સંવેગોનો અભ્યાસ ખૂબજ જરૂરી છે. બાળકની સંવેદનાને ઓળખીને આપણે તેનાં વિકાસ માટે યોગ્ય પગલાં લઇ શકીએ છીએ.

**" બાળકએ દુનિયાનાં ઉપવનમાં ખીલેલ સૌથી સુંદર પુષ્પ છે "**

ઉપરનું વાક્ય આપણે જ્યારે ઉચ્ચારીએ છીએ સમજીએ છીએ ત્યારે તેનાં યોગ્ય વિકાસની જવાબદારી પણ નિભાવવી પડે છે. બાળકનાં ઉછેર અને વિકાસની ગુણવત્તા તથા સધ્ધરતા પર સમાજની આવતીકાલ નિર્ભર છે. માટે રાષ્ટ્રનાં વિકાસમાં બાળકેળવણીનું શમણું વાસ્તવિક બને તે માટે આપણે સહિયારો પ્રયત્ન કરવો જોઇએ.

કોઇપણ રાષ્ટ્રનાં સમાજનાં અને બાળકનાં સર્વાંગી ઘડતરનો આધાર તે રાષ્ટ્રની કેળવણી પર અવલંબે છે. દુનિયામાં અગ્રતાક્રમ ધરાવતા દેશોમાં પૂર્વપ્રાથમિક શિક્ષણ ઉપર વધારે ભાર મૂકવામાં આવે છે. અને બાળકોને સારૂ શિક્ષણ મળી રહે તે માટે ઉત્તમ સગવડ આપવામાં આવે છે. પૂર્વપ્રાથમિક શિક્ષણ માટે નવા - નવા સંશોધનો થઇ રહ્યા છે. પૂર્વપ્રાથમિક શિક્ષણમાં બાળકનાં સંવેગો ને ધ્યાનમાં રાખીને શિક્ષણ આપવામાં આવે તો બાળક ઝડપથી ગ્રહણ કરી શકશે. કહેવાય છે કે ૧ થી ૫ વર્ષમાં બાળક જેટલું શિખે છે. તેટલું તે તેની ઉંમરના ૫૦ વર્ષમાં પણ નથી શીખતું માટે પૂર્વપ્રાથમિક શિક્ષણ એ સમાજ અને રાષ્ટ્રની ઇમારતનો પાયો છે. માટે જો બાળકો અને તેનાં સંવેગોનો અભ્યાસ કરવો હોય તો પૂર્વપ્રાથમિક શાળાજ યોગ્ય રહે. જ્યાં બાળક ક્રિયા દ્વારા શિક્ષણ મેળવી ઝડપથી ગ્રહણ કરતું હોય છે.

પૂર્વ પ્રાથમિક શિક્ષણ એ માહિતી એકત્રિત કરનારું શિક્ષણ નથી પરંતુ બાળકોનો શારીરિક, માનસિક, સામાજીક, રચનાત્મક તેમજ ભાવાત્મક વિકાસ કરનારું ક્ષેત્ર છે. માટે અભ્યાસ માટે આ ક્ષેત્રને પસંદ કરવામાં આવ્યું છે.

**અભ્યાસ પધ્ધતિઃ-**

અભ્યાસ માટે પૂર્વપ્રાથમિક શાળાનાં ૫૦ બાળકોનો નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા છે. અને વિષય અંતર્ગત બાળકોનાં માતા - પિતા અને શિક્ષક પાસેથી માહિતી એકત્ર કરવા પ્રશ્નાવલી પધ્ધતિ, મુલાકત પધ્ધતિ અને મુલ્યાંકન પધ્ધતિનો ઉપયોગ કર્યો છે.

**અભ્યાસનાં હેતુઓઃ-**

- બાળકની સર્જન શક્તિનો અભ્યાસ કરવો.
- બાળકનો મિત્ર સાથેનો વ્યવહાર તપાસવો.
- બાળકોનો માતા - પિતા સાથેનો વ્યવહાર તપાસવો.
- બાળકનો ભાષા વિકાસ તપાસવો.
- બાળકોનો આત્મવિશ્વાસનો અભ્યાસ કરવો.
- બાળકોની સ્વચ્છતા વિશેની જાગૃતતાનો અભ્યાસ કરવો.

**તારણોઃ-**

**સર્જનાત્મક શક્તિનો અભ્સાય**

૩ થી ૬ વર્ષ ગતિ, બળ અને સમન્વયમાં વૃધ્ધિનાં કારણ વિશિષ્ટ હોય છે. ૩.૫ વર્ષની ઉંમરનાં બાળકોને સવારી વાળા રમકડાં અથવા પૈડાવાળા રમકડાં કે જેનો ધકેલી શકાય છે. તેમજ એવા રમકડાં જેને તોડીને જુદી જુદી રીતે બનાવવામાં આવે છે. તેવા રમકડાં ગમે છે. જેમ જેમ તેનો નિયંત્રણાત્મક વિકાસ સરસ થઇ જાય છે. તેમ તેમ વસ્તુઓ સંભાળવા અને જોડ - તોડ કરવામાં નિપૂર્ણ થઇ જાય છે. બાળક ચોક અથવા પેન્સિલ થી લખી શકે તેના પરથી તેનો નિયંત્રણાત્મક વિકાસ જોઇ શકાય છે. તે લાંબી રેખાઓ દોરી શકે છે. ક્રોસ આકારની આકૃતિઓ પણ ધીમ - ધીમે તે બનાવી શકે છે. લખેલા ચિન્હો તથા આસ પાસની વસ્તુઓમાં સબંધ શોધી કાઢે છે.

ચાર વર્ષનાં બાળકો રંગીન પેન્સિલ વધારે મજબૂતીથી પકડી શકે છે. અને આંગળીઓની નાની પેશિઓનો ઉત્તમ પ્રયોગ પણ કરી શકે છે. પરંતુ તેનું ચિત્ર ઓળખી શકાય તેવું સ્પષ્ટ હોતું નથી. પાંચ વર્ષ તે સ્પષ્ટ ચિત્ર દોરી શકે છે. તેમજ રંગ પૂરવાનો પ્રયત્ન કરે છે.

૪ વર્ષની ઉંમરે બાળક કાગળ કાપતાં શીખી જાય છે. ૫ વર્ષ સીધી રેખા કાપી શકે છે. ૬ વર્ષની ઉંમરે તે મોટા કાગળ પર બનેલા ચોરસને પણ કાપી શકે છે. આ ઉંમરે તેઓ કાગળની ઘડી કરવાનું કૈશલ્ય કેળવાય છે.

બાળક પ્રવૃત્તિઓનું ભૂખ્યુ હોય છે. સંશોધન માટે હોડીની પ્રવૃત્તિ દ્વારા બાળકની સર્જનાત્મક શક્તિનું મુલ્યાકંન કરવામાં આવ્યું છે. બાળકમાં અંકજ્ઞાનની ક્ષમતા - જાણવા માટે ચોરસ ગણીને લખવું પદાર્થોની ગણતરી તેમજ ટપકા જોડીને ચિત્ર બનાવોની પ્રવૃત્તિનો ઉપયોગ કર્યો છે. બાળકની સર્જન શક્તિને પ્રકાશ આપી શકે તેવી ચિત્રકામ, રંગકામ જોડકા બનાવો, સ્પ્રેપ્રિન્ટીંગ, કોલાઝવર્ક ની પ્રવૃત્તિઓનો પણ ઉપયોગ કર્યો છે.

જર્સિલ્ડનાં મતે બાળકનાં શાળા જીવનનાં અનૂકૂલન માટે ચેસ્ટાવિકાસ નિશ્ચયાત્મક ભાગ ભજવે છે. બાળક એ ફક્ત વૃધ્ધિ પામતું સજીવ નથી. પરંતુ શિક્ષણ ગ્રહણ કરતું સજીવ છે. તેથી બાળકને અપાતુ શિક્ષણ પ્રત્યક્ષ અને સંકલ્પના આધારિત હોય તો તે ઝડપથી ગ્રહણ કરી શકે છે. બાળક પ્રવૃત્તિશીલ હોય છે. તેને પ્રવૃત્તિ કરવી ગમતી હોય છે. માટે તેનામાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય તે માટે ઘડી કામની પ્રવૃત્તિનો ચિત્રકામ, રંગકામ, કોલાજ વર્કનો ઉપયોગ કર્યો છે. બાળક પ્રવૃત્તિ કરે પછી - ચહેરા પર જે આનંદ ઝળહળે છે. તે અવર્ણનીય હોય છે. પોતે કંઇક સર્જન કર્યું છે તેનો તેને આત્મ સંતોષ થાય છે. સર્જનાત્મક પ્રવૃત્તિ કરવાથી બાળકના આંગળાનો નિયંત્રણાત્મક વિકાસ થાય છે.

.

- **બાળકનો માતા-પિતા અને મિત્રો સાથેના વ્યવહાર તપાસવો.**

આપણા સમાજમાં કહેવત છે. સો શિક્ષણે કરતાં એક માતા બાળકને સારીરીતે રાખી શકે છે. કુમળા છોડ સમાન બાળકને જે પ્રમાણે વાળવું હોય તેમ વાળવાની તેનામાં બાળકને જે પ્રમાણે વાળવુ હોય તેમ વાળવાની તેનામાં ક્ષમતા છે. માતા- પિતા સાથે તેનો વ્યવહાર સારો હોય તો બાળક જીવન ભર સ્વસ્થે અને પ્રસન્ન રહેશે અને તેનાથી તે વિશ્વાસુ અને આશાવાદી બને છે. બાળકને માતા-પિતાનો પ્રેમ સહિષ્ણુતા સ્વીકાર અને સન્માનની વધારે જરૂર હોય તેનોથી બાળકનું જીવન નવ પલ્લવીત સુવાસથી તેનોથી બાળકનું મહકેતુ બનશે. તે સંતોષી, મળતાવડુ અને વિવેકી બનશે ઘર જો ખરે ખર આદર્શ ઘર હોય તો તે બાળકનાં વિકાસ માટે સાચું તાલીમ કેન્દ્ર છે. ટોલ્સ્ટોએ તેથી જ ઘરને પ્રથમ શાળા કહી છે.

બાળકનાં વિકાસમાં મિત્રોની સોબત અગત્યનો ભાગ ભવે છે. શારીિરક કુશળતાઓ વડે અગ્રણી બનનાર બાળક ખૂબ સહેલાઇથી મિત્રો બનાવતું હોય છે. જેમ - જેમ બાળકોની ઉંમર વધતી જાય છે તેમ તેમ મિત્રોની પસંદગી બાબતમાં વિવિધ દ્રષ્ટિબિંદુઓ ઉમેરાતા જાય છે. એકબીજીનો ઉપયોગી થનાર, ઘરની નજીક રહેનાર તથા સ્વભાવની અનૂકૂળતા વાળાઓની મૈત્રી સ્વાભાવિક રીતે વિકસે છે. બાળક પોતાનાં મિત્રો જેવો વર્તાવ કરે છે. મિત્રો જેવાં કપડાં પહેરે છે. તેનાં જેવી બોલી બોલે છે. તેનાં જેવા વાળ ઓળે છે.

બાળકોની મૈત્રીનો આધાર સમાન ઉંમર, બુધ્ધિનું સરખાપણું, સામાજિક વિકાસનું સામ્ય, ઘર કે મહોલ્લાનાં પરિચય પર રહે છે. છતાં આ ઉંમરનાં બાળકો વારંવાર પોતાનાં મિત્રો બદલે છે.

મિત્રતા કેળવવાનાં અનેક ઉપાયો અનેક રીત રસમો હોય છે. બાળક જો હુકમથી કે શારીરીક બળથી બાળકોનો પ્રિયજન બની શકશે નહિં. બાળકે માન મેળવતો અને આપતાં શીખવું પડે છે. ઘણાં બાળકો મિત્રો સાથે સારો વ્યવહાર રાખતાં હોય છે. જ્યારે કેટલાંકનો સ્વભાવ એટલો મિલનસાર હોય છે કે તેમની દોસ્તી જલદી બંધાય જતી હોય છે. અને તેમની દોસ્તી જલદી ચિરંજીવી બનતી હોય છે. આમ સામાજીક બનવા માટે પણ કેટલાંક વ્યક્તિગત ગુણ કેળવવા જરૂરી હોય છે.

- **બાળકોનાં ભાષા વિકાસનો અભ્યાસ**

બાળકોનો ભાષા વિકાસ યોગ્ય સમયે થાય તે ખૂબજ જરૂરી છે. ભાષા વિકાસમાં વિલંબ થવાનો અનેક કારણો અને સ્વરૂપો હોય છે. જો આ વિકાસ પ્રત્યે અવગણના કરવામાં આવે તો બાળક લઘુતાગ્રાંથી પિડાય છે. અને તેને ઘણીજ રીતે સહન કરવું પડે છે.

એકનો બદલે બીજા અક્ષરનો ઉપયોગ થાય તે ખામીને Lisping કહે છે. 'શ' ને 'સ' ને બદલે 'થ', 'ર' ને બદલે 'લ', 'જાય છે' ને બદલે 'જાય થે' વગેરે શબ્દ પ્રયોગ તેમજ કાલી વાણી વગેરે આનાં ઉદાહરણ છે. શાળા પૂર્વેનાં બાળકોમાં આ ક્ષતિ બહું સામાન્ય હોય છે આવી ખામી થવાનું એક કારણ જડબા, દાંત કે હોઠનાં વિકાસમાં રહેલી ખામી થવાનું એક કારણ જડબા, દાંત કે હોઠનાં વિકાસમાં રહેલી વિકૃતિ છે. નાનપણની બાલિશ ભાષાને વળગી રહેવાનાં વલણને કારણે પણ આ ખામી સર્જાય છે. ઘણીવર લઘુતાગ્રંથીનાં કારણે પણ આ ક્ષતિ જોવા મળતી હોય છે.

**અભ્યાસનાં તારણો**

તપાસક્ષેત્રનાં ૯૨ ટકા બાળકો હોડી પ્રવૃત્તિમાં ઘડી કરી શકે છે. જેમાંથી ૬૬ ટકા બાળકો મદદ દ્વારા ઘડી કરે છે. જ્યારે ૨૬ ટકા બાળકો મદદ વિના ઘડી કરી શકે છે. જ્યારે ૮ ટકા બાળકો માંડમાંડ પ્રત્યક્ષ મદદથી ઘડી કરી શકે છે.

- ૫૮ ટકા બાળકો રંગ પૂરી શકે છે.
- ૮૮ ટકા બાળકો ચિત્ર દોરી શકે છે.
- ૧૦૦ ટકા બાળકો કોલાજ અને સ્પ્રે- પ્રિન્ટીંગની પ્રવૃત્તિ કરી શકે છે.
- તપાસ ક્ષેત્રનાં ૭૬ ટકા બાળકો લાગણીશીલ છે. ૧૪ બાળકો પ્રવાભશાળી છે. ૨૬ ટકા બાળકો ગુસ્સાવાળા છે. ૧૪ ટકા બાળકો સ્વકેન્દી છે. ૬૬ ટકા બાળકો શરમાળ છે. ૩૮ ટકા બાળકો જિદ્દી છે. ( એક કરતા વધારે જવાબ)
- તપાસક્ષેત્રનાં ૯૮ ટકા બાળકો સ્પષ્ટ બોલે છે જ્યારે ૨ ટકા બાળકો એકને બદલે બીજી અક્ષનો ઉપયોગ કરે છે.
- ૧૦૦ ટકા બાળકોનો માતા - પિતા સાથે પ્રેમાળ સંબધ છે.
- ૯૪ ટકા બાળકો સ્વચ્છ છે જ્યારે ૬ ટકા બાળકોમાં સ્વચ્છતાનું પ્રમાણ ઠીક જોવા મળે છે.
- ૨૮ ટકા બાળકો ને ૩ થી ૪ મિત્રો છે.
- ૩૪ ટકા બાળકોને ૫ થી ૬ મિત્રો છે.
- ૨૦ ટકા બાળકોને ૭ થી ૮ મિત્રો છે.
- ૧૮ ટકા બાળકોને ૮ થી વધારે મિત્રો છે.
- તાપસ ક્ષેત્રનાં બાળકોમાંથી માતા - અને શિક્ષિકાનાં મતે સારો સ્વભાવ ધરાવતાં ૬૦ થી ૬૨ ટકા બાળકો છે. જ્યારે ઝગડાળું સ્વભાવ ધરાવતાં બાળકો અનુક્રમે ૬ થી ૮ ટકા જોવા મળ્યા છે.

**ઉપસંહાર**

આમ બાળકોનાં સંવેગો ને સમજીને જો તેની પાસે પ્રવૃત્તિ આધારીત શિક્ષણ આપવામાં આવે તો બાળક ઝડપથી ગ્રહણ કરે છે તેમજ બાળક જે પણ વર્તન કરે છે. તે પાછળ તેનાં સંવેગ જવાબદાર હોય છે. પ્રવૃત્તિ કરાવતાં જાણવા મળ્યુ કે બાળકની ઓછી ઉંમર હોય ત્યારે તેનાં અંગોનો યોગ્ય વિકાસ થયેલો ન હોવાથી વ્યવસ્થિત પ્રવૃત્તિ કરી શકતા નથી જ્યારે યોગ્ય ઉંમરનાં બાળકો સુંદર પ્રવૃત્તિ કરી શકે છે. બાળકોનો સાંવેગિક વિકાસ સારો હશે તો તે તેનાં માતા - પિતા, મિત્રો સાથે સારો વ્યવહાર હોય છે. આમ, વ્યક્તિનાં જીવનમાં સંવેગોનું આગવું મહત્વ હોય છે.